| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૦૬/૦૯/૨૦૨૩ બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## સાયબર ફ્રોડના ગુના આચરતા આરોપીની અટકાયત કરતી રાણીપ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧, અમદાવાદ શહેરનાઓની સુચના આધારે તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૨, અમદાવાદ શહેર તેમજ મ.પો.કમિ.શ્રી “એલ” ડીવીઝન અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ તથા હુકમ અનુસાર રાણીપ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા સાયબર ફ્રોડના ગુનાઓ બનતા અટકાવવા અને બનેલ ગુનાઓ શોધી કાઢવા અંગે સુચન કરેલ હોઇ જે સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર બી.ડી.ગોહીલ નાઓ દ્વારા, રાણીપ પો.સ્ટે ખાતે દાખલ થયેલ ગુ.ર.નં-૧૧૧૯૧૦૦૨૨૩૦૨૩૧/૨૦૨૩ ઇપીકો. કલમ ૪૨૦ તથા આઇ.ટી એકટ કલમ ૬૬(ડી) મુજબના કામે ફરીયાદીશ્રી ને ઇન્સ્ટાગ્રામ એપ્લીકેશન થી અજાણ્યા ઇસમે સંપર્ક કરી ઉંચુ કમીશન આપવાની વાત કરી વિશ્વાસ અને ભરોસો અપાવી ઇન્વેસ્ટમેન્ટ કરાવવા અલગ અલગ ટાસ્ક મોકલી ફરીયાદી પાસે અલગ અલગ યુ.પી.આઇ.આઇડી માં કુલ્લે રૂ.૧,૬૪,૪૯૨/- ભરાવી કોઇ પણ પ્રકાર નુ કમિશન નહી આપી પૈસા પરત ના આપી છેતરપીંડી અને વિશ્વાસઘાત તથા સાયબર ફ્રોડ કરેલ હતુ. જે ગુનાની તપાસ દરમ્યાન ટેકનીકલ એનાલીસીસ કરી આરોપી વિશાલ નરસિંહભાઇ રાજવંશ ઉં.વ.૩૧ રહે:મકાન નં ૧/૧૦૨૧ સિધ્ધાર્થ નગર,મહેતાપુરા,હિંમતનગર મૂળગામ:ખેરવાડા તા.હિંમતનગર જી.સાબરકાંઠા નાઓને તા.૦૩/૦૯/૨૦૨૩ ના રોજ પકડી અટક કરી રૂ.૩૦,૦૦૦/- રોકડા રીકવર કરવામાં આવેલ છે.

**કામગીરી કરનાર કર્મચારી**

(૧) અ.મ.ઇ. વિક્રમસિંહ ચંદ્રસિંહ બ.નં ૭૬૭૧
(૨) અ.પો.કો.અશોકકુમાર ભવાનભાઇ બ.નં ૫૭૧૨
(૩) વુ.લો.ર ફાલ્ગુનીબેન રોહીતકુમાર બ.નં.૧૦૫૩૬

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-		સમાચાર યાદી નં.૧૪૬૮/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૮ કેસ કરી, ૫૯ વ્યક્તિઓને ઝડપી, ૪૩૬ લીટર દેશી દારૂ, ૩૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૮ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૧૭ કેસ કરી, ૮૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૫૯,૩૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-		સમાચાર યાદી નં.૧૪૬૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-		સમાચાર યાદી નં.૧૪૭૦/૨૦૨૩

**ગાયકવાડ હવેલીઃ** શીરીન વા/ઓ જાવેદભાઇ ખેડાવાલા (ઉ.વ.૩૭) (રહે. શાહ આલમ એપાર્ટમેન્ટ ફાતીમા મસ્જીદ પાસે તાડની શેરી પાંચ પીપળી જમાલપુર) એ તા.૦૫/૦૯/૨૦૨૩ ના રોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/04/૨૦૨૩ થી તા.૦૧/૦૫/૨૦૨૩ દરમ્યાન મોબાઈલ નંબર ૨૧૨૬૮૮૧૪૯૭૩૨ ના ધારકે WORK FROM HOME થી યુ ટ્યુબ એપલીકેશનના વીડીયો લાઇક, શેર, સબસ્ક્રાઇબ કરીને ટાસ્ક પુરો કરશો તો ફાયદો થશે એવો મેસીજ કરતા શીરીન ખેડાવાલાએ ટાસ્ક કરતા કરેલ ટાસ્કના નાણા આપી વિશ્વાસમાં લઈ @Nita258012 ટેલીગ્રામ આઇ.ડી તથા JERRY એ ટેલીગ્રામ આઇ.ડી.ધારકના કહેવાથી alarakha17@axisbank નામની યુ.પી.આઇ. આઇ.ડી. ઉપર રૂપિયા ૮૦૦૦૦/- તથા rohitparmarrr009@okicici નામની યુ.પી.આઇ આઇ.ડી ઉપર રૂપિયા ૭૦૦૦/- તથા રૂપિયા ૪૦૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૭,૦૦૦/- તથા યસ બેંકના એકાઉન્ટમાં કુલ રૂપિયા ૧,૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૬૭,૦૦૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.એચ.ભાટી ચલાવે છે.

**રામોલઃ** યોગી ગણપતભાઇ ગજ્જર (ઉ.વ.૩૯) (રહે. દેવનંદન ફ્લેટ ચાણકયપુરી ઓવરબ્રીજ પાસે ઘાટલોડીયા) એ તા.૦૫/૦૯/૨૦૨૩ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે વસ્ત્રાલ સત્વ આઈકોન ખાતે આવેલ ફોનબુક નામના શોરૂમ ખાતે મેનેજર તરીકે નોકરી કરતા આરોપી સાહિલ મનોજભાઇ શ્રીવાસ્તવ (રહે. પટેલ પરમાનંદની ચાલી વિજય પેટ્રોલ પંપ સામે રખિયાલ) એ તા.૨૮/૦૮/૨૦૨૩ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે શોરૂમ ખાતે મોબાઈલ ફોનના ડુપ્લીકેટ બિલ બનાવી તે બીલો સાચા તરીકે ઉપયોગ કરી મોબાઈલ ફોન તથા રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૯,૭૧,૨૮૪/- ઉચાપત કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.આર.રાણા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૪૭૧/૨૦૨૩**

**મેઘાણીનગરઃ** મનીષભાઇ રાજુભાઇ કબીરા (ઉ.વ.૨૬) (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ શાક માર્કેટ પાસે મેઘાણીનગર) એ તા.૦૫/૦૯/૨૦૨૩ ના રોજ મેઘાણીનગર પોલીસ સ્તેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.30/૦૮/૨૦૨૩ કલાક ૧/30 થી સવારના ૬/00 વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના ખુલ્લા દરવાજા વાટે અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી સોનાનું મંગળસુત્ર, સોનાનો દોરો અને મોબાઇલ ફોન નંગ-૪ મળી કુલ રૂપિયા ૪૪,000/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જી.લીમ્બોલા ચલાવે છે.

**થેલો ઝુટવી લઈ ગયોઃ-** **સમાચાર યાદી નં.૧૪૭૨/૨૦૨૩**

**ગુજરાત યુનિવર્સિટીઃ** વિજય જવાનજી ગોહેલ (ઉ.વ.૪૨) (રહે. કેવલ્ય ધામ ટાવર, ટાઇમ્સ ઓફ ઇન્ડીયા પ્રેસ પાસે વેજલપુર) વિજય ગોહેલ આંગડીયા પેઢીમાં કામ કરતા હોઈ તા.૫/૦૯/૨૦૨૩ બપોરના ૪/૪૦ વાગ્યાના સુમારે આંગડીયા પેઢીમાં કામ પટાવાળા તરીકે નોકરી કરતા વિરેન્દ્ર ભદે વિસ્ટને રૂપિયા ૨૫,00,000/- સાથેનો થેલો પકડાવી એક્ટીવા પાછળ બેસાડી એકટીવા ચલાવી આઇ.આઇ.એમ એ.એમ.ટી.એસ.બસ સ્ટોપ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક અપાચે જેવા મોટર સાયકલ ઉપર આવેલ સ્ત્રી-પુરુષ એ બોલાચાલી કરી વિજય ગોહેલના એક્ટીવા પાછળ બેસેલ પટ્ટાવાળા વિરેન્દ્ર ભદે વિસ્ટના હાથમાંથી રૂપિયા ૨૫,00,000/- સાથેનો થેલો ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ વિજય ગોહેલ એ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આઇ.એસ.પઠાણ ચલાવે છે.

**સોનાની વિંટી ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૭૩/૨૦૨૩**

**શાહીબાગઃ** કિશનકુમાર બબલદાસ રોહિત (ઉ.વ.૭૨) (રહે. ન્યુ નાકોડ એપાર્ટમેન્ટ શાન્તમ ટાવર સામે સિવિલ હોસ્પીટલ પાછળ શાહીબાગ) એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે કિશનકુમાર રોહિત તા.૦૫/૦૯/૨૦૨૩ કલાક ૬/30 વાગ્યાના સુમારે શાહીબાગ કલાસાગર સોસાયટી નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પાછળથી એક સફેદ રંગની ફોર વ્હિલર ગાડી આવેલ અને ગાડીમાં બે પુરૂષ બેઠેલ હતા. જેમાં એક પુરૂષ નિવસ્ત્ર (બાવો) બેઠેલ હતો જેને કિશનકુમાર રોહિતને હિન્દીમાં પુછેલ કે “વૈષ્ણવદેવી જાને કા રાસ્તા કહા સે હૈ બચ્ચા” જેથી કિશનકુમાર રોહિતએ તેઓને વૈષ્ણવદેવી જવા માટે રસ્તો જાણાવતા તેને હિન્દીમાં જણાવેલ કે “તેરા ભલા હોગા બચ્ચા” તેમ કહેતા કિશનકુમાર રોહિત જે બાવાને બે હાથ જોડી માથુ નમાવી નમસ્કાર કરેલ દરમ્યાન બાવાએ કિશનકુમાર રોહિતના બરડાના ભાગે હાથ ફેરવી આશિર્વાદ આપેલા અને ત્યારબાદ “ચલ બચ્ચા હમ યહાં સે નિકલતે હે” તેમ કહી કિશનકુમાર રોહિતની સાથે હાથ મિલાવવા માટે બાવાએ હાથ લાંબો કરતા કિશનકુમાર રોહિતએ પણ તેમનો હાથ મિલાવતા નજર ચુકવી કિશનકુમાર રોહિતના હાથની આંગળીમાંથી સોનાની વિંટી કિમત રૂપિયા ૨૦,000/- આંચકી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.કે.ગમારા ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૧૪૭૪/૨૦૨૩**

**“કે” ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** સોલા સાયન્સ સીટી રોડ એન.આર.ઈન્ફ્રા માં મજુરી કરતા મનીષભાઈ દિનેશભાઈ પટેલ (ઉ.વ.૩૫) (રહે.શ્યામ બિઝનેશ પાર્ક એસ્ટેટ અસલાલી સર્કલ પાસે એચ.પી.પેટ્રોલપંપની બાજુમાં અસલાલી તા.દસ્ક્રોઈ અમદાવાદ) જેતલપુરથી બારેજા તરફ જતા શ્રી વેન્કટરામન ટ્રાન્સપોર્ટ સામે પાઈપ લાઈન લગાવવાની કામગીરી કરી તા.૦૫/૦૯/૨૦૨૩ સવારના ૮/30 વાગ્યાના સુમારે સર્વિસ રસ્તેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમની સાથે જ કામ કરતા ક્રેન નંબર જીજે ૧૮ એસએસ ૧૮૦૪ ના ચાલકે ક્રેન બેદરકારીથી ચલાવી ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.જ્યાં સારવાર દરમ્યાન રાતના ૧૧/૩૫ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગેની ફરીયાદ મૃત્યું પામનાર મનીષભાઈ પટેલના ભાઈ ઉમેશભાઈ પટેલે “કે’ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.બી.અગ્રાવત ચલાવે છે.

**ટ્રેઈનની અડફેટે મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૧૪૭૫/૨૦૨૩**

**સાબરમતીઃ** રમેશભાઇ સ/ઓ જીવણભાઇ પરમાર (ઉ.વ.૫૬) (રહે. રેલવે કોલોની સમુદાય ભવન સામે સાબરમતી) તા.૦૫/૦૯/૨૦૨૩ બપોરના ૩/00 વાગ્યા પહેલા ડિ-કેબીનથી સાબરમતી રેલ્વે સ્ટેશન જતા પોલ નં ૭૭૮/૩ થી ૭૭૮/૫ વચ્ચે રેલવે ટ્રેક પર ટ્રેઈનની અડફેટમાં આવી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રાજપાલ વિજયસિહ ચલાવે છે.

**ડુબી જતા મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૧૪૭૬/૨૦૨૩**

**નારોલઃ** ગૌતમ સ/ઓ કાળુભાઇ ભરવાડ (ઉ.વ.૧૬) (રહે. પીપળજ પીરાણા રોડ ભરવાડવાસ હનુમાન મંદીર પાછળ પીપળજ ગામ નારોલ) તા.૦૫/૦૯/૨૦૨૩ કલાક ૭/૪૫ વાગ્યા પહેલા ગ્યાસપુર ગામ નજીક સાબરમતી નદીના પટ ખાતે ગાય-ભેસ ચરાવા ગયો હતો ત્યારે ગાય-ભેસને નદીના સામે કિનારે કાઢવા જતા નદીમા ડુબી જતા તેનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.વાય.પઠાણ ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૧૪૭૭/૨૦૨૩**

**રામોલઃ** વિજ્યાલક્ષ્મી ડો/ઓ તિપન્ના ગડગી (ઉ.વ.૪૩) (રહે. વિનાયકપાર્ક સોસાયટી ન્યુ આર.ટી.ઓ.રોડ વસ્ત્રાલ) તા.૦૫/૦૯/૨૦૨૩ કલાક ૯/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતુ કરતા હતા ત્યારે પાણીની ચાલુ વિજ મોટરને અડી જતા વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કાળુભાઇ ભુરાભાઇ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૭૮/૨૦૨૩</u>**

**શહેરકોટડાઃ** ઉમંગ સ/ઓ સુરેશભાઇ સોલંકી (ઉ.વ.૨૭) (રહે. દરજીની ચાલી અરવિંદમીલની બાજુમાં નરોડા રોડ અમદુપુરા) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૯/૨૦૨૩ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિંદ્રસિહ જગતસિહ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** અજય સુમનભાઈ પટેલ (ઉ.વ.૨૮) (રહે. ઉમિયા એપાર્ટમેન્ટ સરદાર ચોક કૃષ્ણનગર) તા.૦૪/૦૯/૨૦૨૩ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તા.૦૫/૦૯/૨૦૨૩ કલાક ૧/૨૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી વિજયકુમાર મારૂતિરાવ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી